## સુપ્રભાતમ્



સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ઘરોથીય વધારે શૌચાલયો બંધાઈ જાય છે!*
*ઉત્સાહમાં ખાયકીનો ખીચડો રંધાઈ જાય છે!*
*બંધાઈ જાય છે રેતી-માટીની નર્મદા - નહેરો,*
*કાચી કેનાલે કૌભાંડી વિકાસ ધોવાઈ જાય છે!*

હાઈકુ

*રસ્તા - પૂલમાં*
*કર્તવ્ય ને નિષ્ઠામાં*
*પડે ગાબડાં...*

*તમે ન આવ્યા ?*
*મારે આવવું પડ્યું*
*તમ શેરીમાં...*
*(રથયાત્રા)*

### ચિંતન

**યદભાવિ ન તદ્ભાવિ ભાવિ ચેન્ન તદન્યથા ।**
**ઈતિ ચિન્તાવિષઘ્નોડયમગદ: કિં ન પીયતે ॥**

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

'જે થવાનું નથી, તે કદી થવાનું નથી અને જે થવાનું છે, તેમાં કોઈ ફેરફાર કરે તેમ નથી.' આ પ્રમાણે ચિંતારૂપી વિષને દૂર કરનાર ઔષધને માનવી કેમ પીતો નથી.

વિધાતા પૂર્વ'જન્મો'ના કર્મ પ્રમાણે જન્મ સ્થળ અને પર્યાવરણ આપી કર્મોના ફળ પણ નિશ્ચિત કરી અહીં મોકલે છે તેથી જે થવાનું છે તે થવાનું જ છે અને નથી થવાનું તે નહીં જ થાય.

માટે ઈશ્વરે નિશ્ચિત કરેલાં સુખ-દુ:ખ તટસ્થ રહીને 'હાય-વોય' કર્યા વિના શાંતિથી હસતા ચહેરે, ભોગવો એ સુખદુ:ખ કોઈએ મોકલ્યું નથી આપણા કર્મોનું જ ફળ છે.

### સુવિચાર

- ભલે તમે બરફ જેવા નિર્મળ અને નિષ્પાપ હોવા, છતાં નિંદાથી નહીં બચી શકો - **શેક્સપિયર**
- ભૂતકાળ પાસે અનુભવ જરૂર છે, પણ પડકાર બિલકુલ નથી જયારે ભવિષ્યકાળ પાસે અનુભવ બિલકુલ નથી, પણ પડકાર તો જબરદસ્ત છે - **મુંબઈ સમાચાર**
- બધાં પ્રકારના અભાવમાં પણ જે તૃપ્ત રહે તેનું નામ ફકીર - **મુંબઈ સમાચાર**
- વિચાર-સત્ય જયાંથી મળે આલોચનાના રૂપમાં આવ્યું હોય તો પણ ડાહ્યા માણસોએ સ્વીકારી લેવું જોઈએ - **બોધિ વૃક્ષ**
- જયારે પ્રસન્નતા આવવી શરૂ થશે, ત્યારે સમજવું કે અંતઃકરણ શુદ્ધ થઈ ગયું છે - **ઓશો**
- જો ઈશ્વર હોય તો આપણે એનું દર્શન કરવું જોઈએ, જો આત્મા હોય તો આપણે એની અનુભૂતિ કરવી જોઈએ, નહીં તો, એમાં માનવું નહીં એ વધુ સારું છે, દંભી થવા કરતાં આખા બોલા નાસ્તિક થવું વધારે યોગ્ય છે - **વિવેકાનંદ**
- આજનું ઔષધ : પ્રસુતા માતાને દૂધ ન આવતું હોય તો નાસપતિ, દ્રાક્ષ ચીકુ અને પપૈયાનું સેવન વધારે કરવું

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એન્ડ્રુ કાર્નેગી અબજોપતિ ઉદ્યોગપતિ હતા. તેમ છતાં તેઓ સીધા સાદા અને સરળ માનવી હતા. એકવાર એમના પુત્રએ તેમને પૂછ્યું. 'પિતાજી, તમને મારા દાદાજીએ વારસામાં શું આપ્યું હતું.' કાર્નેગીએ કહ્યું, 'મને તો મારા પિતાજીએ વારસામાં માત્ર ગરીબી જ આપી હતી.' પુત્રએ પૂછ્યું, 'વારસાઈમાં આપને ગરીબી મળી હતી તેમ છતાં તમે અપજોપતિ શી રીતે બન્યા?' કાર્નેગીએ કહ્યું, 'બેટા, એ મારી મહત્ત્વાકાંક્ષીથી હું અબજો ડોલર્સ કમાયો છું. એમાં મારી ઉંમર જેમ જેમ વધતી ગઈ તેમ તેમ હું અનુભવ અને સતત અભ્યાસ દ્વારા કંઈક ને કંઈક શીખતો રહ્યો. એમ કરવાથી મારી મહત્ત્વાકાંક્ષા વધતી ગઈ. આમ મારી મહત્ત્વાકાંક્ષા અને મારી સફળથા બંને એકબીજાની સાથે સ્પર્ધા કરવા લાગ્યા. ને હું સફળતાની સીડીઓ ચડી શક્યો. માણસનું મન જેમ વધારે સફળતા પ્રાપ્ત કરે, તેમ તેની મહત્ત્વાકાંક્ષા પણ વધતી રહે છે.' કાર્નેગીએ વધુમાં ઉમેરતાં કહ્યું, 'મહત્વાકાંક્ષા ઉપર અમુક માણસોનો જ અધિકાર છે, એવું નથી એનો કોઈ પણ માનવી સમજી વિચારીને કરે, તો જરૂર સફળતાના શિખર પર પહોંચી શકે છે. એન્ડ્રુ કાર્નેગીની આ વાતને એમના દીકરાએ વધાવી લીધી.'

# કર્ણાટકની ગઠબંધન સરકારના પાયા હચમચી ગયા છે

**તંત્રીસ્થાનેથી...**

કર્ણાટકની કટોકટીથી ભાગ્યે જ કોઈને આશ્ચર્ય થયું હશે. ભારતીય જનતા પાર્ટી સૌથી મોટો પક્ષ તરીકે ઊભરી આવેલ હોવા છતાં કોંગ્રેસ અને જનતા દળ (એસ) ના ગઠબંધનના સભ્યો બહુમતી સરકાર બનાવી શકે એમ હોવાથી રાજયપાલ વજુભાઈ વાળાને નીચી મૂંડીએ એમને આમંત્રણ આપવું પડ્યું હતું. અદાલતી આદેશ વચ્ચે ના આવ્યો હોત તો સૌથી મોટા પક્ષ તરીકે ચૂંટાયેલી ભારતીય જનતા પાર્ટીના યેદિયુરપ્પાને તો રાજયપાલશ્રીએ પહેલો ચાન્સ આપ્યો જ હતો. યેદિયુરપ્પા મુખ્યમંત્રી તરીકે વિધાનસભાના ફલોર પર બહુમતી સાબિત કરી શકે એટલા સારું મૂળે ભાજપના સિનિયર ગુજરાતી નેતાએ બહુ લાંબી મુદ્દત આપવાની અનુકૂળતા કરી આપી હતી. પરંતુ હોર્સ ટ્રેડિંગની શક્યતાઓ વિશેની કોંગ્રેસ - જેડીએસની ફરિયાદ સુપ્રીમ કોર્ટને સાચી લાગતાં આ રાજયપાલશ્રીની શુભેચ્છ ફળી ન હતી. ઊલટાના તેઓ ન્યાયપાલિકાની નજરમાં નીચા ઊતરી ગયા હતા. જો કે કોંગ્રેસ એની સહયોગી પાર્ટી જેડીએસ કરતાં બમણી સંખ્યામાં સભ્યો ધરાવતો રાજકીય પક્ષ હતો પરંતુ કોઈ પણ સંજોગોમાં ભાજપને સત્તા પર આવતો અટકાવવા માટે જેડીએસના નેતા અને પૂર્વ વડાપ્રધાન એચ.ડી. દેવગૌડાના સુપુત્ર કુમારસ્વામીને મુખ્યમંત્રી તરીકે સ્વીકારી કોંગ્રેસે આ હેતુ પાર પાડ્યો હતો. કુમાર સ્વામીએ સત્તાનાં સૂત્રો સંભાળ્યાં તે જ ક્ષણથી કોંગ્રેસના નેતા અને કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી સિદ્ધરમૈયાની નારાજગી એક યા બીજા સ્વરુપે વ્યક્ત થઈ રહી છે. તાજેતરમાં કોંગ્રેસના શરુઆતમાં બે અને પાછળથી કુલ દસેક ધારાસભ્યોએ વિધાનસભામાંથી રાજીનામું આપી કુમારસ્વામી સરકારના પાયા હચમચાવી દીધા છે. હવે કુમારસ્વામીને કદાચ એક માત્ર નરેન્દ્ર મોદી જ બચાવી શકે અને તે એ શરતે કે તેઓ સાગમટે ભાજપમાં ભળી જવાનો વિકલ્પ સ્વીકારે. સત્તા ખાતર રાજકારણીઓ કોઈ પણ હદે નીચે ઊતરવા તૈયાર થઈ જતા હોય છે. જેડીએસના મુખ્યમંત્રીએ વારંવાર જાહેરમાં કબૂલ કર્યું છે કે હું કેવી રીતે સરકાર ચલાવી રહ્યો છું તે મારું મન જાણે છે. કોંગ્રેસ એમને ડગલે ને પગલે હેરાન કહરતી રહે છે. સિદ્ધરમૈયા જાતે જ આવા બળવાખોરોનો દોરીસંચાર કરતા હોય એવી એક માન્યતા પ્રવર્તે છે. ભારતીય જનતા પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વ માટે તો કર્ણાટક એ છેક હોઠ લગી આવીને છટકી ગયેલો કોળિયો છે. અગાઉ યેદિયુરપ્પાના નેતૃત્વમાં કર્ણાટકમાં ભાજપે સરકાર રચી હતી અને ચલાવી હતી. પરંતુ પછી ભ્રષ્ટાચારના આરોપોને પગલે યેદિયુરપ્પાને સજા પણ થઈ હતી. આખરે અદાલતી ચક્કરમાંથી નવરા થઈ 'નિર્દોષ' બનેલા યેદિયુરપ્પાને ફરી એક વાર નેતૃત્વની લગામ સોંપીને ભાજપ કેન્દ્રીય નેતાગીરીએ કર્ણાટક કબજે કરવાની કવાયત શરૂ કરી હતી. કોંગ્રેસ સરકાર સામે પાર્ટીમાં જ જૂથવાદનું ઝનૂની ભૂત તો હતું જ. વળી એન્ટિ ઈન્કમ્બન્સી ફેકટર પણ હતો. જેડીએસનો પ્રભાવ પ્રમાણમાં મર્યાદિત, છતાં એની પાસે પૂર્વ વડાપ્રધાન એચ.ડી. દેવગૌડાનું નેતૃત્વ હતું. આ બધાં સમીકરણો સાંકળીને ત્રીજા નંબરે રહેલી જેડીએસના નેતાને મુખ્યમંત્રી પદ આપવા પાછળ કોંગ્રેસની મજબૂરી પણ હતી અને એક અતિ મહત્ત્વપૂર્ણ સમૃદ્ધ રાજયમાંથી ભાજપ સરકારની શકયતા મિટાવી દેવાની વ્યૂહરચના હતી. કોંગ્રેસ મુક્ત ભારત કરવાની પ્રતિજ્ઞા સાથે આગળ વધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના તત્કાલીન રાષ્ટ્રીય અધ્યક્ષ માટે કર્ણાટકમાં પારોઠનાં પગલાં ભરરવાં પડ્યાં તે ઘણું જ અપમાનજનક લાગેલું. એથી જયારે તક મળે ત્યારે કર્ણાટકમાં જેડીએસ-કોંગ્રેસની સરકારને તોડવી એ એમની પ્રાથમિકતા હતી. એટલે આગામી દિવસોમાં જો યેદિયુરપ્પાના નેતૃત્વ હેઠળ ભાજપની સરકારને સોગંદવિધિ કરાવતી વજુભાઈ વાળાની તસ્વીર ઝબૂકે તો એથી ભાગ્યે જ કોઈને નવાઈ લાગશે.

# હિન્દુ ઉતરાધિકારી અધિનિયમ-૧૯૫૬ અને સુધારા અધિનિયમ-૨૦૦૫

**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**



જો કોઈ હિન્દુ, બુદ્ધ, જૈન અને શીખ વસીયત બનાવ્યા વગર મૃત્યુ પામે તો વસીયત ના હોવાના કારણે સંપ્તીની વહેંચણી એકસમાન થતી નથી તેવું પણ બને કે કોઈ ઉત્તરાધિકારીને વધારે આપવા માંગતો હોય તરંતુ વીલ અગર વસીયત ના હોવાના કારણે સંપ્તીની વહેંચણી તેમના ધર્મ અનુસાર લાગુ પડતા કાયદાના આધારે કરવામાં આવે છે.

હિન્દુ, બુદ્ધ, જૈન, શીખ માટે હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમ-૧૯૫૬ અને સંશોધન અધિનિયમ-૨૦૦૫ લાગુ પડે છે. જો કોઈ હિન્દુ પુરૂષનું વસીયત વગર જ અવસાન થઈ જાય તો તેની સંપ્તી ઉપર સૌથી પહેલો અધિકાર સીધીલીટીના નં.૧ વારસદારનો રહેશે જો કલાસ-૧ ઉત્તરાધિકારી ન હોય તો કલાસ-૨ માં આવતા ઉત્તરાધિકારીઓમાં સંપ્તીની સરખા ભાગે વહેંચણી કરવામાં આવે છે. જો કલાસ -૧ માં દિકરા, દિકરી, વિધવા અગાઉ મરી ચુકેલા પુત્રના દિકરા, દિકરી પહેલા મરી ચુકેલ દિકરીનો દિકરો, દિકરી, દિકરાની વિધવા વિગેરેનો સમાવેશ કરવામાં આવે છે.

કલાસ-૨ માં ઉત્તરાધિકારીમાં પિતા, દિકરો, દિકરીનો દિકરો, દિકરી, દિકરીની દિકરી, ભાઈ, બહેન, બહેનનો દિકરો, દિકરી, ભાઈનો દિકરો, દિકરી વિગેરેનો સમાવેશ કરવામાં આવે છે. જો કલાસ-૧ અથવા કલાસ-૨ ના ઉત્તરાધિકારીઓથી અગર તો કોઈ સમંતીથી પોતાનો હક્ક જતાવતું નથી કે મૃતક સાથે લોહિનો સબંધ હોય એજ ઉત્તરાધિકારી બનશે જો આવું કોઈ પણ ના હોય તો મૃતકની સંપ્તી સરકારી સંપ્તી ઘોષિત કરવામાં આવશે.

હિન્દુ મહિલાનું અવસાન થાય તો સૌથી પહેલા દિકરા, દિકરી અને પતિને બીજુ પતિના વારસદારને ત્રીજા માતા અથવા પિતાને ચોથુ પિતાના વારસદારને અને પાંચમું માતાના ઉત્તરાધિકારીઓને સંપ્તી વહેંચવામાં આવે છે.

જો મરનાર મુસ્લીમ હોય તો મુસ્લીમ કાયદો બે પ્રકારે વારસદારોને માન્યતા આપે છે. જેમાંથી એક શેર હોલ્ડર અને બીજા રેસજયુડીકેટર, શેર હોલ્ડર મૃતકની સંપ્તીનો એક ચોક્કસ ભાગના હક્કદાર છે. શેર હોલ્ડરના ભાગમાં જે સંપ્તી આવે છે તે પછી બાકી રહેલી સંપ્તી પર રેસજયુડિનો હક્ક બને છે.

વ્યક્તિ વીલ યાને વસીયત કર્યા સીવાય મૃત્યુ પામે તો તેના મરણ બાદ તેની સંપ્તી માટે તેના ઉત્તરાધિકારે અંદરો અંદર ઝઘડે છે. સરવાળે કોર્ટ કચેરી થાય છે જેના કબજામાં જે મીલ્કત હોય તે દબાવીને બીજાને આપવાનો ઈન્કાર કરે છે. પરિણામે સંપ્તી ઉપર કોર્ટ કેસો થાય છે. કેટલાય વર્ષો નિકળી જાય છે. ન્યાય મેળવતા અથવા જેના કબજામાં હોય તે મીલ્કતમાં બાકીના વારસદારોને ભાગ મેળવવાના ધનનો વ્યય થાય છે. સમયની બરબારદી થાય છે અને મરણ પામનારને વારસદારો કોસે છે. કે મરતો ગયો ને મારતો ગયો, આવી હાલત ઉભી ના થાય તથા પોતાની હયાતીમાં જ પોતાની સંપ્તીનું યોગ્ય વ્યક્તિને સોંપણી કરવામાં આવે તો ઉત્તરાધિકારીઓને પણ શાંતિ રહે છે તથા વૃધ્ધાવસ્થામાં સાચવણી સંપ્તીની લાલચમાં કરે છે પરંતુ પોતાની હયાતીમાં કોઈ પણ વ્યક્તિએ કૌટુંબીક વહેંચણી કરી તમામ સંપ્તી ઉતરાધિકારીઓને સોંપવી જોઈએ નહિ સંપ્તીની તમામ વ્યવસ્થા કરવી જોઈએ જેથી પોતાની વૃધ્ધાવસ્થા તથા પત્નીની વૃધ્ધાવસ્થામાં દવા દારૂ વિગેરે આસાનીથી કરી શકાય અને ઉત્તરાધિકારીઓ ઉપર કોઈ આર્થીક બોજ ના આવે.

વસીયત યાને વીલ કરવાથી વ્યક્તિની સંપ્તીનું ઉત્તમ વ્યવસ્થા પોતાની હયાતીમાં જ થાય છે તથા પોતાની હયાતી બાદ વીલ મુજબની સંપ્તી મેળવવામાં વારસદારોને કોઈ જ તકલીફ પડતી નથી કે કોર્ટ, કચેરીના ધક્કા કે નાણા ખર્ચવા પડતા નથી.

મોટા મોટા ઉદ્યોગ ગૃહોના માલીકો પોતાની હયાતીમાં પોતાની મીલ્કતનું વીલ ના બનાવી શકતા પરિણામે કરોડોની સંપ્તી માટે વારસદારો વચ્ચે મનદુઃખ થતા કોર્ટ કચેરી કરવી પડે છે જેના લાંબા ગાળે અંત આપતો નથી તથા પોતાની હયાતીમાં કે જરૂરીયાત હોય ત્યારે વારસદારોને સંપ્તી વેચી શકતા નથી કે ભોગવી શકતા નથી તેથી દરેક હયાત વ્યક્તિએ પોતાની હયાતીમાં જ મીલ્કતનું વીલ કરવું યોગ્ય છે.

**વસીયત યાને વીલ કરવાથી પોતાની હયાતીમાં જ પોતાની મીલ્કતની ઉત્તમ વ્યવસ્થા કરી શકાય છે અને ઉત્તરાધિકારીઓ વચ્ચે મનદુઃખ થતા અટકાવી શકાય છે તથા મૃત્યુ બાદ ઉત્તરાધિકારીઓને સંપ્તી મેળવવામાં કોઈ જ તકલીફ પડતી નથી જે થી દરેક વ્યક્તિને પોતાની હયાતીમાં જ મીલ્કતનું યોગ્ય વીલ કરવાની સલાહ આપવામાં આવે છે.**

# ચર્ચા એટલે વિચારોની આપ-લે, અને દલીલ એટલે અહમની આપ-લે..!!

**WhatsApp ઓફ ધી વીક**
**નેહલ ગઢવી**



કોઈક સારા વિચારની ઉપર,
એ કયાંથી આવ્યો છે તેટલા જ કારણસર,
ચોકડી ન મૂકી દઈએ.

ટીવી પર, સમાચારપત્રોમાં, ધાર્મિક મેગેઝીન્સમાં કે અન્ય કથા અને પ્રવચનમાં આવતાં સંતો દ્વારા કહેવામાં આવતી વાતોને ખૂબ જ ધ્યાનથી સાંભળનારો એક આખો વર્ગ છે અને તેની સંખ્યા પણ ઘણી મોટી છે. પણ સંત જેવું જીવન જીવવા ગલીના નાકે વસતા ગરીબ ઈમાનદાર નાના માણસની નોંધ કોઈ નથી લેતું. ઘણીવાર અતિશય પૈસાદાર, બુદ્ધિશાળી અને સુખી માણસો કરતાં ગરીબ પણ સ્વમાનથી પોતાના ઘરની તમામ જરૂરિયાતો પૂરી કરનારા માણસો વધુ પ્રસંશનીય હોય છે. વર્ષ ૧૯૭૭ના 'સ્થાન' મેગેઝીન પરથી અનુવાદિત આ લેખ પણ કંઈક આવો જ ઉલ્લેખ કરે છે :

'ફેરિયાને ગાળો બદલ ન્યાયાધીશને દંડ' : ત્રણ લીટી જેટલા મોટા અક્ષરોના એવા મથાળા હેઠળ 'ન્યૂયોર્ક ટાઈમ્સ' દૈનિકને પહેલે પાને, રાષ્ટ્રીય ને આંતરરાષ્ટ્રીય મહત્ત્વના બીજા સમાચારોની હરોળમાં, એ બનાવના ખબર છપાયા હતા. તેમાં વાત હતી ન્યૂયોર્કના પરાવિસ્તારની એક અદાલતના ન્યાયાધીશની અને થોમસ નામના ફેરિયાની. ૩૭ વરસના થોમસભાઈ અદાલતની નજીક પોતાની ગાડી ઊભી રાખીને કૉફી ને સેન્ડવીચ વેચવાનો ધંધો કરતા.

એક દિવસ ન્યાયાધીશ પોતાની કોર્ટમાં બિરાજેલા હતા. વાહન વ્યવહારના કાયદાના ભંગ ખચલા ચાલતા હતા. તેમાં ન્યાયાધીશે થોમસની ગાડીએથી કોફી લઈ આવવા એક હવાલદારને મોકલેલો. કૉફીનો ઘૂંટડો ભરતાંની સાથે જ એના સ્વાદ બાબતનો બુલંદ પ્રત્યાઘાત અદાલતમાં સંભળાયો.

હવે એમને હવાલદારની સાથે બે પોલીસની ગાડી પણ મોકલ્યા. જઈને એમને સંભળાવ્યું : 'જજ સાહેબ બોલાવે છે - કૉફી તો કાળા કોપની છે!'

'મશ્કરી કરો છો કે શું, હવાલદાર !!' થોમસ બોલી ઊઠ્યો. પણ પેલાઓ બિલકુલ હસવાના મિજાજમાં નહોતા. ફેરિયાને હાથકડી પહેરાવીને કોર્ટ-ચોગાનમાંથી કૂચકદમ કરાવતા જજની ચેમ્બરમાં હાજર કરવામાં આવ્યો.

થોમસની કેફિયત મુજબ, એને જોતાં જ જજ સાહેબ બરાડી ઊઠ્યા : 'કૉફીમાં પાણી જ ધબેડ્યું છે ને!'

૧૯૭૫ના એપ્રિલની એ એક સાંજ હતી. તે પછી લાગટ બાર મહિના સુધી કોર્ટના કર્મચારીઓએ થોમસની ગાડીનો બહિષ્કાર કર્યો, ને અંતે તેને એ ધંધો બંધ કરવો પડ્યો. પોતાનું અપમાન કરવા બદલ એને આર્થિક નુકસાની બદલ તેણે ન્યાયાધીશ ઉપર દાવો માંડ્યો. પરિણામે ન્યાયાધીશોની વર્તણૂક અંગેના રાજયના પંચ સમક્ષ પ્રથમ તો જજ સાહેબને તેડાવવામાં આવ્યા. ત્યાં ખોટી જુબાની આપવા બદલ પાછળથી હાઈકોર્ટે એ જજને વરસે ચારેક લાખ રૂપિયાના પગારવાળા હોદ્દા પરથી બરતરફ કર્યા. નોકરીમાંથી ફારેગ થઈને એમને પછી વકીલાત કરવા માંડી.

દરમિયાન ફેરિયાએ માંડેલો પેલો ખટલો ચાલ્યો. તેના ચુકાદાને આગલે દિવસે ભૂતપૂર્વ જજ સાહેબ અને તેમની વીમાં કપનીએ ફેરિયાને બે લાખ ડૉલર ચૂકવીને સમાધાન કરવાની તૈયારી બતાવી. પણ હવે સરકારના બેકારી ભથ્થાં પર ગુજારો કરતા થોમસે ના પાડી - સમાધા નહીં, મારે ન્યાય ખપે.

બીજે દિવસે જુરીએ ચુકાદો આપ્યો કે થોમસના નાગરિક અધિકારોનો ભંગ થયો હતો, તેથી જજ અને હવાલદારે મળીને તેને નુકશાનીના ૮૦,૦૦૦ ડૉલર ચૂકવવાના, ઉપરાંત જજે એકલાને બીજા ૬૦,૦૦૦ અને પોલીસે ૧,૦૦૦ ડૉલર નુકશાનીરૂપે આપવાના.

'ટાઈમ્સ' છાપાના પ્રતિનિધિએ થોમસે જણાવ્યું કે પ્રતિવાદી તરફથી સમાધાનરૂપે આ નુકશાનીના કરતાં પણ મોટી રકમ મળવાની હતી, તેનો અસ્વીકાર કરવા બદલ પોતાને અફસોસ નહોતો. સત્તાધારીને હાથે જેને અપમાન વેઠવું પડ્યું હોય તેવો સામાન્ય નાગરિક ખંતભેર મથામણ કરે તો અંતે ઈન્સાફ મેળવી શકે છે, તે એને સાબિત કરવું હતું.

આ મુલાકાતના અહેવાલની સાથે 'ન્યૂયોર્ક ટાઈમ્સ'માં પ્રગટ થયેલી છબીમાં થોમસભાઈ પોતાને ઘરે બેઠાં બેઠાં જુરીના ચુકાદાની ખુશાળી માણતા દેખાતા હતા - બેશક, કૉફીના કપથી સ્તો !

આવું જ અન્ય એક દૃષ્ટાંત દુલેરાય માટલિયા ટાંકે છે :

એ જમાનામાં ગાંધીજી પરિણીતોને બ્રહ્મચર્યવ્રત લેવાનો આદેશ આપતા હતા. સેવાવ્રતનું તે આવશ્યક અંગ ગણાતું હતું.

મારા કુટુંબીએ મારે અંગે નાનાભાઈ ભટ્ટનું ધ્યાન દોર્યું. નાનાભાઈ મને કહે, 'સત્ય અને બ્રહ્મચર્ય, એ બે વ્રતમાં કયું વધે ?' મેં કહ્યું, 'બ્રહ્મચર્ય વધે.'

એટલે નાનાભાઈ કહે, 'કોઈ બ્રહ્મચારી છળકપટ કરે કે કોઈને છેતરે, તો બ્રહ્મચારી હોવાને કારણે જ તેને નિર્દોષ ગણોને ?' હું નિરુત્તર રહ્યો.

નાનાભાઈ બોલ્યા, 'તમારા પત્નીએ આ વ્રતનો સ્વીકાર કરવામાં સંમતિ આપી છે ?' મેં કહ્યું, 'અમે વ્રતબદ્ધ નથી બન્યાં, પણ તે મારી પાછળ ચાલે છે.'

'તેની મુક્ત ઈચ્છા સમજવા તમે પ્રયત્ન કર્યો છે ?'

મેં કહ્યું, 'સ્ત્રી માત્રની સંતાનની ઈચ્છા તો હોય.'

'તો તે ઈચ્છાને રોકવાનો તમારો શો અધિકાર છે ?'


નાનાભાઈએ પૂછ્યું, 'તમારા લગ્ન' વખતે આ વાત સ્પષ્ટ કરી હતી ? તમારા પિતા કે સસરાને તમારા વિચારો જણાવ્યા હતા ?' મેં ના કહી, એટલે નાનાભાઈ કહે : 'લગ્ન અને અગ્નિ, બ્રાહ્મણ અને સમાજની સાક્ષીએ આપેલો કોલ છે. કાલેશણા તૃપ્ત કરવાના અને સંતાન આપવાના વચનમાંથી છટકી શકાય નહીં. તેમાંય જે કોમમાં પુનર્લગ્ન થતું નથી, અથવા તેવા લગ્નમાં હીણપત મનાય છે તે કોમમાં તો એ વચનભંગ જ નહીં - હિંસક વહેવાર પણ બને છે, અને સ્ત્રી લાચારીથી પુરુષને અનુસરે છે. આમ સત્ય અને અહિંસાને ભોગે બ્રહ્મચર્યનો વિકાસ થઈ શકે નહીં. એટલે તમારે તમારી પત્નીને અવ્યકત ઈચ્છાને અનુસરવું જોઈએ. સંયમ અને સંતાનમર્યાદાનો વિવેક રાખીને જીવાતું ગૃહસ્થી જીવન પણ બ્રહ્મચર્ય જ છે, તેમ માનવામાં ગૃહસ્થાશ્રમીનો વિવેક છે. પણ આમ છતાં બંનેની આધ્યાત્મિક ઝંખના અને સર્જક પ્રવૃત્તિ બ્રહ્મચર્યને સહજ બનાવે, તો સહજતા તો હંમેશા આવકાર્ય જ છે.'

**Last Seen :**
ચર્ચા એટલે
વિચારોની
આપ-લે..
અને
દલીલ એટલે
અહમની
આપ-લે..!!

nehalgadhavi101@gmail.com

# કરતારપુર કરિડોરના પ્રારંભ સાથે ભારત-પાક સંબંધોની નવી વસંત

**અતિતની આજ**
**ડૉ. હરિ દેસાઈ**



- પશ્ચિમ પંજાબમાં કરતારપુર સાહિબ તરફના કરિડોરનું ૮૦% કામ પૂર્ણ થયાનો ઈસ્લામાબાદનો દાવો
- ભારત ભણીના કરિડોરનું ધમધોકાર ચાલતું કામ સપ્ટેમ્બર મહિનામાં પૂર્ણ થવાની દિલ્હીની ગણતરી
- આતંકવાદ ઉપરાંત કાશ્મીર કોકડું જ નહીં, સંયુક્ત રાષ્ટ્રમાં પડેલા જૂનાગઢના વિવાદનો ય અંત આવે
- ભારત અને પાકિસ્તાનનો સંયુક્ત ઈતિહાસ ૫,૦૦૦ વર્ષ પુરાણો હોવાનો પાકે શરૂ કરેલો પ્રભાવી આલાપ

ભારત–પાકિસ્તાન સંબંધો વચ્ચે કોઈ ને કોઈ મુદ્દે તણાવ રહ્યા છતાં આગામી નવેમ્બર ૨૦૧૯માં ભારતીય શીખ શ્રદ્ધાળુઓ અને પાકિસ્તાની શીખ શ્રદ્ધાળુઓ માટે કરતારપુર કરિડોર શરૂ થતાં સંબંધોમાં નવી ઉષ્મા જોવા મળશે. શીખ ધર્મના સંસ્થાપક ગુરુ નાનક (૧૪૬૯-૧૫૩૯)ની ૫૫૦મી જન્મજયંતી (પ્રકાશપર્વ)ની ઉજવણી ભારત અને પાકિસ્તાન વચ્ચેનાં અબોલાં તોડી કરતારપુર કરિડોર નિમિત્તે ૧૪ જુલાઈએ બંને દેશો વાઘા સરહદે પાકિસ્તાન બાજુ મંત્રણાના મેજ પર આવશે. અગાઉ ભારત ભણીની અટ્ટારી સરહદે મંત્રણાની પહેલી બેઠક મળી હતી.જોકે એ વેળા નવી દિલ્હીએ ઈસ્લામાબાદના પ્રતિનિધિમંડળમાં ખાલિસ્તાનવાદી વ્યક્તિઓ હોવા સામે વિરોધ નોંધાવ્યો હતો. હમણાં પાકિસ્તાનના વિદેશ વિભાગે સંબંધિત વાંધાજનક ગણાવાયેલી વ્યક્તિ તો પાકિસ્તાન ગુરુદ્વારા પ્રબંધક કમેટીના હોદ્દેદાર હોવાનું સ્પષ્ટ કર્યું હતું. પાકિસ્તાનના કરતારપુર ખાતેના ગુરુદ્વારા સાહિબને ભારતીય ગુરુદાસપુર જિલ્લાના દેરા બાબા નાનક સાથે જોડાતા આ કરિડોર માટે પાકે વર્ષ ૨૦૧૯-૨૦ના ફેડરલ બજેટમાં ૧૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને પુનઃસત્તારૂઢ થવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પાઠવેલા અભિનંદન પત્રના ગત ૧૨ જૂને વાળેલા ઉત્તરમાં "સમગ્ર વર્ષ દરમિયાન કરતારપુર કરિડોર શ્રદ્ધાળુઓ માટે ચાલુ રહે એ માટે ઝડપી નિવેડો લાવવા" કરતારપુર મંત્રણાને લીલી ઝંડી આઆપી છે. નવી દિલ્હીએ ઈસ્લામાબાદને મંત્રણાની તારીખો સૂચવ્યાનું વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કરી દીધું છે. અત્યારે પાકિસ્તાનના પંજાબમાં આવેલા નાનકાનામાં જન્મેલા ગુરુ નાનકે જીવનનાં અંતિમ ૧૮ વર્ષ પાકિસ્તાનસ્થિત કરતારપુરમાં જ ગાળ્યાં હતાં.

ઈન્દિરા-વાજપેયીનું સ્વપ્ન

બ્રિટિશ ઈન્ડિયાના ભાગલા થકી પાકિસ્તાનની રચના વખતે પંજાબના પણ ભાગલા પાડવામાં આવ્યા હતા અને એ વેળા રેડક્લિફ ચુકાદા મુજબ, નાનકાના સાહિબ અને કરતારપુર સાહિબ પાકિસ્તાનમાં ગયા છતાં દુનિયાભરના શીખ શ્રદ્ધાળુઓ માટે એ બંને આસ્થાનાં સ્થાન બની રહ્યાં છે. જોકે ભારતમાં ઈતિહાસ પુનર્લેખનનો જે વાયરો ફૂંકાઈ રહ્યો છે તેમાં કરતારપુર પાકિસ્તાનમાં ગયાના દોષનો ટોપલો પણ એ વેળાના વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુને શિરે મઢવાની ઊછળકૂદ વધુ છે. ભારતીય શ્રદ્ધાળુઓએ કરતારપુર તીર્થના દર્શને જવા માટે અત્યાર લગી વાયા લાહોર લાંબા માર્ગે જવું પડતું હતું,પરંતુ પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાનના શપથવિધિમાં ભારતીય પંજાબના કેબિનેટમંત્રી નવજોતસિંહ સિદ્ધુ ગયા ત્યારે પાક લશ્કરી વડા જનરલ કમર જાવેદ બાજવા કનેથી, ભારતીય પંજાબના ગુરુદાસપુર જિલ્લાના દેરા બાબા નાનકથી બંને દેશોની સીમા તરીકે વહેતી રાવી નદી પર પુલ બાંધીને માત્ર ૪ કિલોમીટર દૂર આવેલા કરતારપુર લગીના કરિડોર માટે, અનુકૂળ સંદેશ લઈને આવ્યા હતા. શ્રદ્ધાળુ વગર વીસાએ આ યાત્રા કરી શકે એવી અનુકૂળતા પણ દર્શાવાઈ હતી. છેક ૧૯૮૮માં વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીથી લઈને ૧૯૯૯માં વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ આ કરિડોરનું નિહાળેલું સ્વપ્ન હવે સાકાર થશે.

યશ ખાટવાની ચાલતી હોડ

જોકે પાકિસ્તાની લશ્કરના પંજાબી જાટ એવા જનરલ બાજવાને એ સમારંભમાં ગળે મળેલા વિશ્વ પંજાબી જાટ મહાસભાના અધ્યક્ષ ઉપરાંત ભૂતપૂર્વ ભાજપી સાંસદ અને હવેના કૉંગ્રેસી નેતા સિદ્ધુ પર ખૂબ માછલાં ધોવાયાં હતાં. કરતારપુર કરિડોર મુદ્દે યશ ખાટવાની રીતસરની હોડ મચી હતી. ખાન અને સિદ્ધુ વચ્ચે ક્રિકેટર રહ્યા ત્યારથી દોસ્તી હોવાથી શપથવિધિમાં નવજોતને ખાસ નિમંત્રવામાં આવ્યા હતા. એ પછી મોદી કેબિનેટે ૨૨ નવેમ્બર ૨૦૧૮ના રોજ એ અંગે સાનુકૂળ નિર્ણય કર્યો. સરહદની બંને બાજુ એનો શિલાન્યાસ પણ થયો હતો. ૨૬ નવેમ્બરે ગુરુદાસપુર જિલ્લામાં ઉપરાષ્ટ્રપતિ એમ.વેંકૈયા નાયડુને હસ્તે મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહની ઉપસ્થિતિમાં કરિડોરનો શિલાન્યાસ થયો હતો. ૨૮ નવેમ્બરના રોજ લાહોરથી ૧૨૫ કિ.મી. દૂર આવેલા નરોવાલમાં વડાપ્રધાન ઈમરાન ખાનને હસ્તે અને જનરલ બાજવાની ઉપસ્થિતિમાં કરિડોરનો શિલાન્યાસ થયો. એ વેળા ભારત સરકારનાં બે મંત્રી હરસિમરત કૌર અને હરદીપ સિંહ પુરી ઉપરાંત પંજાબના મંત્રી સિદ્ધુ પણ હાજર હતા. એ પછી યાત્રાળુઓની અવરજવર અંગેની મંત્રણાઓ ચાલતી રહી. ૧ જુલાઈ ૨૦૧૯ના રોજ વડાપ્રધાન મોદીને અકાલી દળના અધ્યક્ષ અને લોકસભા સભ્ય સુખબીર સિંહ બાદલના નેતૃત્વમાં શિરોમણિ ગુરુદ્વારા પ્રબંધક કમિટી (એસજીપીસી), બૉર્ડ તખ્ત પટના સાહિબ અને દિલ્હી શીખ ગુરુદ્વારા મેનેજમેન્ટ કમિટી (ડીએસજીએમસી)ના હોદ્દેદારોના મળેલા પ્રતિનિધિમંડળ પછી સ્પષ્ટ થયું હતું કે આગામી નવેમ્બરમાં ગુરુ નાનક દેવની ૫૫૦મી જન્મજયંતી ઉજવણી યોજાય ત્યાં લગી ભારત તરફથી કરિડોરના બાકી રહેલા અડધા કામને પૂર્ણ કરી દેવામાં આવશે. ૧૨ નવેમ્બરે પંજાબના સુલતાનપુર લોધીમાં યોજાયેલા ઉજવણી સમારંભમાં હાજરી આપવા વડાપ્રધાને સંમતિ આપી છે. પાકિસ્તાન સહિત દુનિયાભરમાં પણ ગુરુ નાનકનું પ્રકાશપર્વ ઉજવાશે.

આતંકવાદ બને છે અવરોધક

ભારત-પાક સંબંધોમાં આતંકવાદનો મુદ્દો સતત ખલનાયક બની રહ્યાનું અનુભવાય છે. બંને દેશો વચ્ચેના તંગ સંબંધો સામાન્ય નહીં થવામાં ક્યારેક આતંકવાદીઓને ભારતમાં ઘુસાડવાની આઈએસઆઈ કે અન્ય આતંકી સંગઠનોની મેલી મુરાદ કે દાઉદ ઈબ્રાહીમ કે હાફિઝ સઈદ જેવા મોસ્ટ વૉન્ટેડ ગુનેગારોને પાકિસ્તાનમાં અપાતા શરણનો મુદ્દો જવાબદાર મનાય છે.કુલભૂષણ જાધવનો મુદ્દો પણ એમાં ઉમેરાયો છે. હમણાં અકાલી દળના અધ્યક્ષ અને લોકસભાના સભ્ય સુખબીર સિંહ બાદલે પાકિસ્તાન દ્વારા દૈનિક ૭૦૦ યાત્રાળુઓને જ મંજૂરી આપવાના અન્યાયી વલણ પર અક્કડ રહેવાનો મુદ્દો આગળ આગળ કર્યો છે. આની સામે ભારત સરકારની માંગણી રોજના ૫,૦૦૦ શ્રદ્ધાળુઓને કરતારપુર સાહિબ જવા દેવાની છૂટ માંગવામાં આવી છે. બીજા તબક્કાની મંત્રણામાં આ મુદ્દો નિર્ણાયક તબક્કે પહોંચશે.ઉપરાંત કુલભૂષણ જાધવને પાકિસ્તાને જેલમાં રાખવા ઉપરાંત ફાંસીની સજા ફરમાવ્યાની બાબત પણ આંતરરાષ્ટ્રીય અદાલત સમક્ષ આવતા દિવસોમાં સુનાવણી માટે આવી રહી છે. આવા સંવેદનશીલ સંજોગોમાં બંને દેશો છાસ પણ ફૂંકીને પીએ એ અપેક્ષિત મનાય છે. આશા રાખીએ કે બંને દેશો વચ્ચે માત્ર કરતારપુર કરિડોર જ નહીં, સમજદારીના સેતુ પણ રચાય અને તણાવ ઘટે. આતંકવાદ ઉપરાંત કાશ્મીર કોકડું જ નહીં, હજુ પણ સંયુક્ત રાષ્ટ્રમાં પડેલા જૂનાગઢના વિવાદનો પણ જલદી અંત આવે.

સહિયારા ઈતિહાસનું સ્મરણ

પોતાના ૫,૦૦૦ વર્ષના ઈતિહાસને તાજો કરીને પાકિસ્તાને ભારત અને પાકિસ્તાનના સંયુક્ત ઈતિહાસનાં પ્રાચીન પાત્રો અને મહાપુરુષોની

અનુસંધાન પાના નં ૭ પર